# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-08-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- ગુજરાત વિધાનસભાના ત્રણ દિવસીય ચોમાસુ સત્રનો આજથી આરંભ - ટૂંકી મુદતના પ્રશ્નો અને શોકદર્શક પ્રસ્તાવ રજૂ કરાયાં
- ગૃહમાં કાળા જાદુ અને અંધશ્રદ્ધા નિર્મૂલન વિધેયક સર્વાનુમતે પસાર
- રાજ્યમાં યુરિયાનો પૂરતો જથ્થો હોવાનું કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું
- દલિત આદિવાસી સંગઠનોએ આપેલા ભારત બંધના એલાનને રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં મિશ્ર પ્રતિસાદ મળ્યો
- દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહીને પગલે આવતીકાલે યલો એલર્ટ અપાયું

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## VIDHANSABHA SHOKDARSHAK THARVA

ગુજરાત વિધાનસભા ગૃહના નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૫મી વિધાનસભાના પાંચમાં સત્રના પ્રથમ દિવસે શોકદર્શક ઠરાવો રજૂ કર્યા હતા..તેમણે પૂર્વ રાજ્યપાલ સ્વ. ડૉ. કમલા બેનીવાલને શ્રદ્ધાંજલિ આપી હતી.

આ ઉપરાંત પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી બિપીન શાહ તેમજ પૂર્વ સભ્યો સ્વ. શિવભદ્રસિંહ ગોહિલ, સ્વ. રત્નાભાઈ ઠુંમર, સ્વ. રામસિંહ સોલંકી, સ્વ. નંદકિશોર દવે, સ્વ. ખુરશીદ હૈદર પીરઝાદા, સ્વ. સામતભાઈ રાઠોડ અને સ્વ. કરશનભાઈ ઓડેદરાને શ્રદ્ધાંજલિ આપી હતી.

વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી, મંત્રીઓ તથા સત્તાપક્ષ અને પ્રતિપક્ષના ધારાસભ્યઓએ દિવંગત પૂર્વ સભ્યોને ભાવાંજલિ આપી હતી. સભાગૃહે બે મિનીટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી હતી.

ત્યારબાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના વડાપ્રધાન તરીકે ત્રીજી વખત પદ સંભાળ્યું તે બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિધાન ગૃહના નેતા તરીકે અભિનંદન સંકલ્પ રજૂ કર્યો.

----------------

## VIDHANSABHA TUNKI MUDATNA PRASHNO

વિધાનસભાના ચોમાસુ સત્રમાં ધારાસભ્યો દ્વારા ટુંકી મુદ્દતના પ્રશ્નો પૂછવામાં આવ્યાં હતાં. જેમાં ચાંદીપુરા વાયરસની સ્થિતિ અંગેના જવાબમાં આરોગ્યમંત્રી

ઋષિકેશ પટેલ જણાવ્યું હતું કે, રાજ્યમાં છેલ્લા 6 દિવસમાં ચાંદીપુરાનો એક પણ નવો કેસ નોંધાયો નથી.

રાજ્યમાં 12 દિવસમાં ચાંદીપુરાથી સંક્રમિત એક પણ દર્દીનું મૃત્યુ નોંધાયું નથી. રાજ્યના 164 જેટલા દર્દીઓને ચાંદીપુરાનું સંક્રમણ જોવા મળ્યું. જે પૈકી 61 જેટલા કેસ ચાંદીપુરા પોઝીટીવ હોવાનું જણાંયુ હતું. અત્યાર સુધી નોંધાયેલ કુલ 164 કેસમાંથી 73 બાળકોના મૃત્યુ નિપજ્યા હોવાની પણ આરોગ્ય મંત્રીએ માહિતી આપી હતી.

અન્ય એક પૂછાયેલા પ્રશ્નમાં બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં વિદેશમાં રહી એક પણ શિક્ષક પગાર લેતાં નથી. છેલ્લાં ત્રણ વર્ષમાં બિનઅધિકૃત ગેરહાજર અને વિદેશ પ્રવાસના કારણે ગેરહાજર રહેલા ૧૩૪ શિક્ષકોને ફરજમાંથી બરતરફ કરાયા હોવાની પણ શિક્ષણમંત્રીએ માહિતી આપી હતી.

આ ઉપરાંત સહકારી બેંકોના ખાતા અંગેના ટૂંકી મુદતના સવાલનો જવાબ આપતા રાજ્ય સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ કહ્યું હતું કે ગુજરાતમાં અત્યાર સુધીમાં સૌથી વધુ અંદાજે ૨૨ લાખ નવા ખાતા ખોલવામાં આવ્યા છે. આ ખાતાઓમાં ૬,૫૦૦ કરોડ રૂપિયાની રકમની ડિપોઝિટ પણ જમા થઈ છે.

----------------------

## KALA JADU VIDHEYAK PAAS

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના આજે પહેલા દિવસના બીજા સત્રમાં અંધશ્રદ્ધા અટકાવવા માટેનું વિધેયક સર્વાનુમતે પસાર થયું છે..

ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આ વિધેયક વિધાનસભામાં રજૂ કર્યું હતું.. માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ તેમજ અઘોરી પ્રથા, કાળા જાદુ અટકાવવા રાજ્ય સરકાર આ કાયદો લાવી રહ્યું હોવાનું હર્ષ સંઘવીએ જણાવ્યુ હતું.. અંધશ્રદ્ધા ફેલાવીને લોકો પાસેથી રૂપિયા ખંખેરતા તથા અમાનુષી અત્યાચાર કરનારા વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવાની આ વિધેયકમાં જોગવાઇ કરવામાં આવી હોવાનું હર્ષ સંઘવીએ ગૃહમાં જણાવ્યું હતું..

. . . . . . . . . . . . . . . . .

## UREA – RAGHAVJI PATEL

વિધાનસભા ગૃહ ખાતે ગુજરાતમાં ખાતરની ઉપલબ્ધતા અંગે ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં યુરિયાનો પૂરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યમાં ક્યાંય પણ ખાતરની અછત ન સર્જાય, તે માટે કેન્દ્ર સરકારને રાજ્યએ માંગણી કરતા વધુ ખાતરનો જથ્થો પૂરો પાડ્યો છે.

છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકાર સમક્ષ યુરિયા ડી.એ.પી અને અન્ય ખાતર મળીને કુલ ૫૯ લાખ ૮૨ હજાર મેટ્રિક ટન જથ્થાની માંગણી કરી હતી, જેની સામે રાજ્યને લગભગ ૬૨ લાખ ૬0 હજાર મેટ્રિક ટનનો જથ્થો ફાળવવામાં આવ્યો હોવાનો કૃષિમંત્રીએ જવાબ આપ્યો હતો.

--------

# DHARASABHYO NA SAWALO

આજે વિધાનસભામાં  કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે ગુજરાત પાટણ યુનિવર્સિટીનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો.

કાંકરેજના ધારાસભ્યે એક સ્કૂલમાં એક જ શિક્ષક વચ્ચે 200 વિદ્યાર્થીઓ ભણે છે...તેમ જણાવીને શિક્ષણને લગતાં સવાલો કર્યા હતાં..જેનો પૂર્વ શિક્ષણમંત્રી અને ભાવનગરના ધારાસભ્ય જીતુ વાઘાણીએ જવાબ આપ્યો હતો.

(બાઇટ- જીતુ વાઘાણી, પૂર્વ શિક્ષણમંત્રી)

જ્યારે પાક નુકશાન સરવે અંગે ભાજપના પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે 16 જિલ્લામાં પાકને ઘણું નુકશાન થયું છે તેથી સરકાર એ ખેડૂતોને સહાય કરશે કે જેમને એક હેકટર દીઠ 33 ટકાથી વધુ નુકશાન થયું છે. આ ઉપરાંત એસડીઆરએફ ફ્ડમાંથી આ ખેડૂતોને વળતર મળશે.

(બાઇટ - અર્જૂન મોઢવાડિયા)

બીજી તરફ કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાએ  કૃષિ વિભાગના મંત્રીને અતિવૃષ્ટિ મામલે વળતર અંગેના સવાલો કર્યા હતાં. તેમણે કૃષિ મંત્રી દ્વારા સંતોષકારક જવાબ ન મળ્યો હોવાનું જણાવ્યું હતું.

----------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## GANDHINAGAR REELS

સોશીયલ મિડીયામાં રીલ્સ બનાવવાના શોખથી જાહેર રોડ ઉપર પોતાની કાર બેફીકરાઇ અને પુરઝડપે ચલાવી કાયદાનો ભંગ કરનાર ઇસમો સામે ગાંધીનગરની ઇન્ફોસિટી પોલીસે કડક કાર્યવાહી કરી હતી.

ગાંધીનગર ગીફ્ટ સીટી બ્રિજ અને આઇકોનિક રોડ પર નબીરાઓનો બેફામ ગાડીઓ ચલાવતો વિડિયો વાયરલ થયો હતો..ભાઇજીપુરા રોડથી પી.ડી.પી.યુ જતા રોડ ઉપર કેટલાક ઇસમો પોતાના કબ્જા હેઠળની અલગ અલગ ગાડીઓ પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે પોતાની તેમજ અન્ય લોકોની જીંદગી જોખમાય તે રીતે ગાડીઓ ચલાવતા હતા.. તમામ સાત આરોપી અને કારને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હોવાની માહિતી ગાંધીનગરના ડીવાયએસપી ડી ટી. ગોહિલે આપી હતી.

(બાઇટ- ડી ટી. ગોહિલ, ડીવાયએસપી ગાંધીનગર)

----------------

## SC ST Reservation strike

અનુસૂચિત જાતિ અને જનજાતિમાં પેટા-વર્ગીકરણ કરવા માટે રાજ્યોને મંજૂરી આપતા અને ક્રિમિલેયરનો અમલ કરવા સર્વોચ્ચ અદાલતે આપેલા ચૂકાદાના વિરોધમાં આજે દલિત અને આદિવાસી સંગઠનોએ  ભારત બંધનું એલાન આપ્યું છે. આદિવાસીઓની મોટી વસતી ધરાવતા નર્મદા, સાબરકાંઠા, મહીસાગર,  અને ડાંગ જિલ્લામાં બંધને મિશ્ર પ્રતિસાદ સાંપડ્યો છે.

તો નવસારી જિલ્લા કલેક્ટરને આજે  આવેદનપત્ર આપવામાં આવ્યું. ખેરગામ, રાનકુવા માં અનામત બચાવવા શાંતિપૂર્ણ સજ્જડ બંધ પાળવામાં આવ્યો, જ્યારે અન્ય સ્થળોએ બંધની આંશિક અસર જોવા મળી. તો વાંસદા નગર સિવાયના ગામડાઓમાં બંધના એલાનને સમર્થન અપાયું.

-----------------

## RAIN OVERALL

રાજ્યમાં આજે વરસાદી માહોલ રહ્યો હતો..આજે સવારે છ વાગ્યથી લઇને સાંજના છ વાગ્યા સુધીમાં રાજ્યના  46 તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો..જેમાં સૌથી વધુ ખંભાતમાં ત્રણ ઇંચ જેટલો વરસાદ જ્યારે કઠલાલ, અને આહવામાં અંદાજે બે-બે ઇંચ વરસાદ નોંધાયો હતો..

હવામાન વિભાગે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. આવતીકાલે અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ, દાહોદ, છોટાઉદેપુર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની

આગાહીને પગલે યલો એલર્ટ જાહેર કર્યું છે. ઉપરાંત 30થી 40 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની પણ શક્યતા છે.

-------------------------------

## BET DWARKA NO VIKAS

ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા  બેટ દ્વારકાનો ત્રણ તબક્કામાં વિકાસ કરાશે. અને ભગવાન શ્રી કૃષ્ણની નગરી 'બેટ દ્વારકા'ને  વિશ્વકક્ષાએ નામના મળે તેવી રીતે કાયાપલટ કરાશે. જેના માટે પ્રવાસન વિભાગ દ્વારા પ્રથમ તબક્કા માટે ૧૫૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

આ વિકાસ કાર્યોમાં મુખ્ય મંદિરથી લઇને બીચ સુધીનો વિસ્તાર, ડોલ્ફિન માટે જાણીતો એકમાત્ર બેટ દ્વારકાનો 'નોર્થ-પદમ બીચ', યાત્રીકોની સુવિધામાં વધારો કરવા વિવિધ કામોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત દ્વારકાધીશ મંદિર વિકાસ, સ્ટ્રીટ બ્યુટિફિકેશન, હેરિટેજ સ્ટ્રીટ ડેવલપમેન્ટ, શંખનારાયણ મંદિર અને તળાવ ડેવલપમેન્ટ, નોર્થ બીચ ડેવલપમેન્ટ-પબ્લિક બીચ, ટૂરિસ્ટ વિઝિટર સેન્ટર અને હાટ બજાર તથા હિલ્લોક પાર્ક વીથ વ્યૂઈંગ ડેક બનાવવામાં આવશે.

-----------------------

## VP – GUJARAT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ શુક્રવારે ગુજરાતના અમદાવાદ અને ગાંધીનગરની મુલાકાતે આવશે. તેઓ ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી મેમ્બર્સને સંબોધશે. ઉપરાષ્ટ્રપતિ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે ધર્મ ધમ્મ આંતરરાષ્ટ્રીય પરિષદ ખાતે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . . . . .